RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 252* Date: 09.07.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંજો આબે પર સભામાં ગોળીબાર

## સારવાર દરમિયાન મોત નિપજ્યું

## શિંજો આબેને બે ગોળી વાગી હતી : એક સંદિગ્ધને પકડી લેવાયો છે



ટોકયો,તા.૮

જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંજો આબે પર એક સભામાં ભાષણ દરમિયાન ફાયરિંગ થયું. આથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં જયાં તેમનું મૃત્યુ થયું છે. રિપોર્ટ્સ મુજબ શિંજો આબેને બે ગોળી વાગી છે. તેમના શરીરમાંથી હુમલા બાદ લોહી વહી રહ્યું હતું. ગોળી વાગ્યા બાદ તેઓ ત્યાં જ ઢળી પડ્યા તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સમળતી માહિતી મુજબ ગોળી વાગ્યા બાદ શિંજો આબેને હાર્ટ એટેક પણ આવી ગયો. શિંજો આબે પર આ હુમલો નારા શહેરમાં થયો. જ્યારે હુમલો થયો ત્યારે તેઓ ભાષણ આપી રહ્યા હતા. શિંજો આબે અચાનક આમ પડી જતા ત્યાં હાજર લોકોને પહેલા તો કઈ સમજમાં આવ્યું નહી. શિંજો આબે પર આ હુમલો શુક્રવારે સ્થાનિક સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગે થયો.રિપોર્ટ મુજબ ગોળી ચાલવા જેવો અવાજ આવ્યો અને એક સંદિગ્ધને પકડી લેવાયો છે. ઘટના સ્થળે હાજર એક રિપોર્ટરે કહ્યું કે આબેના ભાષણ દરમિયાન તેમને સતત બે ધમાકાનો અવાજ સંબળાયો હતો. જાપાનની પોલીસે શિંજો આબે પર હુમલો કરનારા હુમલાખોરની ધરપકડ કરી લીધી છે. સ્થાનિક મીડિયા જિજિએ જણાવ્યું કે શિંજો આબેના ગળામાંથી લોહી વહી રહ્યું હતું. ત્યાં હાજર લોકોએ તત્કાળ તેમને સીપીઆર આપ્યું જેથી કરીને જીવ બચી શકે. અત્રે જણાવવાનું કે તેઓ પોતાની લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં ભાષણ આપવા માટે નારા પ્રાંત પહોંચ્યા હતા. આ દરમિયાન સ્થાનિક સમય મુજબ સવારે ૧૧.૩૦ વાગે તેમના પર પાછળથી ગોળી છોડાઈ. જાપાની મીડિયાના જણાવ્યાં મુજબ તેમના શરીરમાં કોઈ મૂવમેન્ટ જોવા મળી રહી ન હતી અને તેઓ જીવન અને મોત સામે ઝઝૂમી રહ્યા છે. હુમલાખોરની ગોળી તેમને છાતીમાં વાગી છે. હુમલા બાદના કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે. જેમાં ભાગદોડની સ્થિતિ જોવા મળી રહી છે. અત્રે જણાવવાનું કે શિંજો આબેએ વર્ષ ૨૦૨૦માં પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે સ્વાસ્થ્ય સારૂ ન રહેતું હોવાના કારણે રાજીનામું આપ્યું હતું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. હુમલાખોરને પોલીસે પકડી લીધો છે. જો કે હજુ સુધી એ જાણવા મળ્યું નથી કે આખરે તેણે શિંજો આબે પર હુમલો કેમ કર્યો. હુમલાખોરે જેવો શિંજો આબે પર હુમલો કર્યો ત્યાં તૈનાત સુરક્ષાકર્મીઓએ તેની ધરપકડ કરી લીધી. સુરક્ષાકર્મીઓએ હુમલાખોર પાસેથી ગન છીનવી લીધી અને તેને જમીન પર સૂવાડી દીધો હતો . હુમલાખોરની ઉંમર ૪૦ વર્ષની હોવાની કહેવાઈ રહ્યું છે. જો કે હુમલાનું કારણ સામે આવ્યું નથી.

૬૭ વર્ષીય શિન્ઝો આબે લિબરલ ડેમોક્રેટિક પાર્ટી પાર્ટી સાથે જોડાયેલા છે. આબે ૨૦૦૬-૦૭ દરમિયાન વડાપ્રધાન હતા. આબેને આક્રમક નેતા માનવામાં આવે છે. શિન્ઝોને અલ્સેરેટિવ કોલાઈટિસ, આંતરડાનો રોગ હતો જેણે તેમને ૨૦૦૭ માં વડા પ્રધાન તરીકે રાજીનામું આપવાની ફરજ પડી હતી. શિન્ઝો આબે સતત ૨૮૦૩ દિવસ (૭ વર્ષ ૬ મહિના) વડાપ્રધાન હતા. આ પહેલા આ રેકોર્ડ તેના કાકા ઈસાકુ સૈતોના નામે હતો.જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબે એક રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. શિન્ઝો આબેના દાદા નોબુસુકે કિશી પણ જાપાનના વડાપ્રધાન હતા. નોબુસુકે કિશી ૧૯૫૭-૬૦ સુધી જાપાનના વડાપ્રધાન હતા. તે જ સમયે, શિન્ઝો આબેના પિતા શિન્તારો આબે ૧૯૮૨-૮૬ સુધી જાપાનના વિદેશ પ્રધાન હતા. શિન્ઝો આબે ૨૦૦૬માં પ્રથમ વખત જાપાનના વડાપ્રધાન બન્યા હતા. જોકે, બીમારીના કારણે તેમણે ૨૦૦૭માં રાજીનામું આપી દીધું હતું. આ પછી, વર્ષ ૨૦૧૨ માં, શિન્ઝો આબે ફરીથી જાપાનના વડા પ્રધાન બન્યા. ત્યારબાદ તેઓ વર્ષ ૨૦૨૦ સુધી સતત જાપાનના વડાપ્રધાન રહ્યા.જાપાનના પૂર્વ પીએમ શિંજો આબે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખાસ મિત્ર છે. અનેક અવસરે પીએમ મોદી અને શિંજો આબે એકબીજાને યાદ કરી ચૂક્યા છે. ગત વર્ષે જ ભારતે શિંજો આબેને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે ઉડો શોક વ્યકત કર્યો છે આ ઉપરાંત કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી,પૂર્વ વડાપ્રધાન ડો મનમોહન સિંહે પણ આ ઘટના અંગે ઉડા શોકની લાગણી વ્યકત કરી હતી. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની આલ્બાનીસે શિન્ઝો આબે પર થયેલા હુમલા અંગે કહ્યું કે, પૂર્વ પીએમ શિન્ઝો આબેને ગોળી મારી દેવામાં આવી હતી... આ એકદમ ચોંકાવનારા સમાચાર છે. આ સમયે તેમના પરિવાર અને જાપાનના લોકો પ્રત્યે અમારી સંવેદના છે.

## ચીનના લોકોનું શરમજનક કૃત્ય

# જાપાનના પૂર્વ પીએમ શિન્ઝો આબેના નિધન વચ્ચે ચીનના લોકોએ ઉજવણી કરી

### હુમલા બાદથી ચીનના સોશિયલ મીડિયા પર લોકો તેમના 'દુશ્મન' શિન્ઝો આબેના મૃત્યુની શુભેચ્છા પાઠવવા લાગ્યા

બીજીંગ,તા.૮

જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેને ભાષણ આપતી વખતે ગોળી મારવામાં આવી હતી. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં બાદમાં તેમનું નિધન થયું હતું. આ સમાચારથી આખી દુનિયા ચોંકી ગઈ છે ત્યારે ચીનમાં ઘણા લોકો ઉજવણી કરી રહ્યા છે. ઘણા ચાઈનીઝ સોશિયલ મીડિયા યુઝર્સ શિન્ઝો પર થયેલા હુમલા અંગે શરમજનક ટિપ્પણી કરી રહ્યા હતા. હુમલા બાદથી ચીનના સોશિયલ મીડિયા પર લોકો તેમના 'દુશ્મન' શિન્ઝો આબેના મૃત્યુની શુભેચ્છા પાઠવવા લાગ્યા. યુઝર્સ શિંન્ઝોની હાલતની મજાક ઉડાવતા જોવા મળ્યા હતા.

ખરેખર, એક ચૂંટણી પ્રચાર દરમિયાન શિન્ઝો આબે જાપાનના નારા શહેરમાં ભાષણ આપી રહ્યા હતા. આ દરમિયાન તેમને હુમલાખોરે બે ગોળી મારી દીધી હતી. શિન્ઝો ત્યાં જ ઢળી પડ્યા હતા. હુમલા બાદ હુમલાખોર પણ ઝડપાઈ ગયો હતો.આ ઘટના પર ચીની સોશિયલ મીડિયા ઊૈર્દ્વ અને ઊઝરકં પર લોકોએ શિન્ઝો વિશે ખૂબ જ ખરાબ ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું. ઘણા યુઝર્સ ઈવેન્ટની ઉજવણી કરતા જોવા મળ્યા હતા.

તમને જણાવી દઈએ કે ચીન અને જાપાનની પરસ્પર દુશ્મનાવટ ઘણી જૂની છે. વિશ્વયુદ્ધ દરમિયાન પહેલીવાર બંને દેશો એકબીજાની સામે ઊભો જોવા મળ્યા હતા. હાલમાં જ દક્ષિણ ચીન સાગરને લઈને બંને દેશો વચ્ચે શીત યુદ્ધ શરૂ થયું હતું.

ચીનમાં ઘણા લોકો પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેને ભારત અને તાઈવાન સાથેના ગાઢ સંબંધોને કારણે પસંદ નથી કરતા. ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ભારત અને જાપાનના ઊંછઢ સંગઠનની રચનામાં તેમની ભાગીદારી માટે પણ શિન્ઝો જાણીતા છે.

ચાઈનીઝ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોકો જાપાનના પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ હેશટેગ ચલાવતા જોવા મળ્યા હતા. તેનો અર્થ એ છે કે 'આબેના અસ્તિત્વની કોઈ શક્યતા નથી'. આ હેશટેગનો ઉપયોગ કરીને શિન્ઝો વિરુદ્ધ લોકો ખૂબ જ અપમાનજનક ટિપ્પણી કરતા જોવા મળ્યા હતા. કેટલાક યુઝર્સે જાપાનના વર્તમાન વડાપ્રધાન અને કોરિયાના વડાપ્રધાનની હત્યા વિશે ટિપ્પણી કરી અને પોસ્ટ કરવાનું શરૂ કર્યું. જ્યારે, કેટલાક યુઝર્સે પૂર્વ પીએમને ગોળી મારનાર વ્યક્તિને અભિનંદન અને તેને ઈનામ આપવાની વાત કરતા જોવા મળ્યા હતા. કેટલાક યુઝર્સે આ ઘટના માટે જાપાન અને અમેરિકાને જવાબદાર ગણાવ્યું છે

તમને જણાવી દઈએ કે જાપાનમાં બંદૂક મેળવવી ખૂબ જ મુશ્કેલ છે અને ત્યાં બંદૂકના હુમલાઓ નહિવત થાય છે. શિન્ઝો આબેની સાથે તેમની સુરક્ષા ટીમ પણ ત્યાં હતી. આ હોવા છતાં, શૂટરે આબેને ખૂબ જ નજીકથી ગોળી મારી હતી. શિન્ઝો આબે જાપાનમાં સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન રહી ચૂક્યા છે. તેમણે ૨૦૦૬ થી ૨૦૦૭ સુધી અને ફરીથી ૨૦૧૨ થી ૨૦૨૦ સુધી શાસન કર્યું હતું.

## મુખ્યમંત્રી હેમંત સોરેનના ખાસ પંકજ મિશ્રાના ૯ સ્થળો ઉપર ઈડીએ દરોડા પાડયા

સાહિબગંજ,તા.૮

ઝારખંડ રાજ્યના સીએમ હેમંત સોરેન પર સંકટ વધી ગયું છે. ઈડીની ટીમે આજ સવારે સાહિબગંજમાં તેમના ધારાસભ્ય પ્રતિનિધિ પંકજ મિશ્રાના ૯ સ્થળો પર દરોડા પાડયા છે. પંકજ મિશ્રા અને તેના નજીકના બિઝનેસમેન રાજુ, ટ્વિંકલ ભગત, પાત્રુ સિંહ, છોટુ યાદવ, ડાહુ યાદવ, વિનોદ સાહુ, ક્રિષ્ના સાહ, ભગવાન ભગત પર પણ દરોડા પાડવામાં આવ્યા છે કૃષ્ણ સાહ અને ભગવાન ભગત પથ્થરના વેપારી છે. આ તમામ પંકજ મિશ્રાના સાથી હોવાનું મનાય છે. હોટલ, રેસ્ટોરન્ટ ઉપરાંત ઘરોમાં પણ દરોડા પડયા છે.આ દરોડાને સસ્પેન્ડેડ આઈએએસ પૂજા સિંઘલ એપિસોડ સાથે જોડવામાં આવી રહ્યો છે. ગેરકાયદે ખનન મામલે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. પૂજા સિંઘલ એપિસોડમાં પંકજ મિશ્રાનું નામ શરૂઆતથી જ સામે આવી રહ્યું છે. ઝારખંડ ઉપરાંત પશ્ચિમ બંગાળ અને બિહારની ઈડીની ટીમો પણ દરોડામાં સામેલ થઈ હતી ટીમ સવારે ૫ વાગે જ બેઝ પર પહોંચી હતી. દરોડા દરમિયાન તમામ જગ્યાઓ સીલ કરી દેવામાં આવી છે. સ્થાનિક પોલીસ ઉપરાંત સીઆરપીએફની ટીમ પણ હાજર રહી હતી અને મહિલા જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા હતાં ઈડીના દરોડા દરમિયાન જો ઈડીની ટીમને પંકજ મિશ્રાના ઠેકાણાઓમાંથી વાંધાજનક મળશે તો મુખ્યમંત્રી પર સંકટ વધી શકે છે.તમને જણાવી દઈએ કે મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા ૪ જૂને સીએમના ધારાસભ્ય પ્રતિનિધિ પંકજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦માં સાહિબગંજ જિલ્લાના બરહરવા પોલીસ સ્ટેશનમાં પંકજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસ ટેન્ડર વિવાદમાં નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં શંભુ નંદ કુમારનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. પંકજ મિશ્રા ઉપરાંત શંભુ નંદ કુમારે ટેન્ડર વિવાદમાં મંત્રી આલમગીર આલમ પર તેમના ઈશારે હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે પોલીસે બંનેને ક્લીનચીટ આપી દીધી હતી.થોડા દિવસો પહેલા એક મીડિયા ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં પંકજ મિશ્રાએ કહ્યું હતું કે તેઓ કોઈથી ડરતા નથી તેઓ ઈઢની તપાસ માટે તૈયાર છે. તેણે કંઈ ખોટું કર્યું નથી, તો શા માટે ડરવું? તેઓ ઈઢના દરેક સવાલનો જવાબ આપવા તૈયાર બેઠા છે. તે જાણીતું હશે કે ગેરકાયદેસર ખાણકામના કેસમાં, ઈઢએ રાજયના વિવિધ ખાણ અધિકારીઓની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન, ખાણ અધિકારીઓએ મુખ્યમંત્રીના નજીકના સાથી પંકજ મિશ્રાનું નામ પણ જાહેર કર્યું હતું, ત્યારથી તે ઈઢના રડાર પર હતો.

## શિન્ઝો આબે પર હુમલો કેમેરા જેવી ગનથી થયો ; સભામાં પત્રકાર તરીકે હાજર રહ્યો હતો

ટોકયો,તા.૮

જાપાનના પૂર્વઁ વડાપ્રધાન શિન્ઝો આબે પર કેમેરા જેવી દેખાતી હેન્ડમેડ ગનથી હુમલો કરવામાં આવ્યો હતો. ફાયરિંગ પછી બહાર આવેલા આ ફોટાથી આ બાબતનો ઘટસ્ફોટ થયો છે. હુમલાખોરે ગનને એ રીતે ડિઝાઈન કરી હતી કે તે કેમેરા જેવી દેખાય. આ કારણે તેણે બ્લેક ગન પર કાળી પોલિથિન લપેટી હતી. વીડિયોમાં એ વાત સ્પષ્ટ દેખાઈ રહી છે કે હુમલાખોરે ૧૦૦થી ૧૫૦ મીટર દૂરથી ગોળી ચલાવી રહ્યો છે.

એમ કહેવાઈ રહ્યું છે કે હુમલાખોર ફોટો ખેંચવાને બહાને આબેની નજીક આવ્યો હતો. પછીથી તેણે ફાયરિંગ કર્યું હતું. આબેને પાછળથી બે ગોળી મારવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ પરથી ૪૨ વર્ષના હુમલાખોર યામાગામી તેત્સુયાની ધરપકડ કરી છે. હાલ હુમલાખોરની પૂછપરછ કરવામાં આવી રહી છે.પૂછપરછ દરમિયાન હુમલાખોરે કહ્યું હતું કે તે શિન્ઝો આબેની નીતિથી નાખુશ હતો અને તેમને મારવા માગતો હતો.રિપોર્ટ્સના જણાવ્યા મુજબ, યામાગામી તેત્સુયા પહેલા મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સનો મેમ્બર હતો. જોકે હજી સુધી હુમલાનું કારણ જાણી શકાયું નથી. આબે પર ફાયરિંગ કરનાર થોડીવાર સુધી ત્યાં જ ઊભો રહ્યો હતો. પછીથી તેણે ભાગવાની કોશિશ કરી હતી. હાલ હુમલાખોર પોલીસ કસ્ટડીમાં છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. વિશ્વમાં સૌથી સખત ગન લો જાપાનમાં છે. દર વર્ષે ફાયરિંગની ઘટનાઓમાં મૃત્યુ પામનારની સંખ્યા માત્ર એક આંકડામાં જ રહે છે.

## સારા વરસાદને કારણે ગુજરાતના અનેક ડેમ ઓવરફ્લો, નર્મદા ડેમની પણ સપાટી વધી

અમદાવાદ,તા.૮

ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અનેક જિલ્લાઓ પાણીમય બન્યા છે. રસ્તાઓ, નદી, નાળા, વોકળામાં પાણી ભરાયાની સ્થિતિ છે. ત્યારે સારી વાત એ છે કે, સારા વરસાદને કારણે ગુજરાતના અનેક ડેમ અત્યારથી જ છલકાઈ ગયા છે. તેમજ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. આ ઉપરાંત દ્વારકાનો બોખરિયા ડેમ, તાપી પરનો ઉકાઈ ડેમ, વંથલીનો ઓઝત વિયર ડેમ, બગડ નદી પરનો બગડ ડેમ ઓવરફ્લો થયો છે.

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે. ઉપરવાસમાંથી પાણીની આવક વધતા ૮૫૫૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. જેથી હાલ નર્મદા ડેમની સપાટી ૧૧૪.૩૮ મીટર પર પહોંચી છે. પાણીની આવક વધતા ધીમેધીમે ડેમની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. હાલ સીએચપીએચના ૨ પાવર હાઉસ ચાલુ કરાયા છે. ટોટલ આઉટફ્લો ૮૪૦૯ ક્યુસેક પાણી છે.

કપરાડામાં ૧૪ કલાકમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાતા મધુબન ડેમમાં પાણીની આવકમાં ધરખમ વધારો થયો છે. મધુબન ડેમના ૯ દરવાજા ૧ મીટર ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી નદીમાં ૨૧૯૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તો બીજી તરફ, દમણગંગા નદીએ પણ તોફાની સ્વરૂપ લીધુ છે. વાપી નજીક દમણગંગા નદીનો વિયર ડેમ પણ ઓવરફ્લો થયો છે. લોકોને નદી કિનારા નજીક નહિ જવા સૂચન અપાયુ છે. જોકે, તંત્રના સૂચનનો અનાદર કરી કેટલાક લોકો ધસમસતી નદીના પ્રવાહ નજીક દેખાયા છે. આગામી બે દિવસમાં જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

બીજી તરફ, ધોધમાર વરસાદના પગલે દ્વારકાના ચરકલા પાસે આવેલ બોખરીયા ડેમ ઓવરફલો થયો છે. અવિરત વરસાદના પગલે ૨૪ કલાકમાં જ બોખરીયા ડેમ ઓવરફ્લો થઈ ગયો હતો. આસપાસના વિસ્તાર માટે જીવાદોરી સમાન ડેમ ઓવરફ્લો થતાં લોકોમાં ખુશીની લાગણી છવાઈ છે. ભારે વરસાદથી તાપીના ઉકાઈ ડેમની જળ સપાટી વધી છે. ઉકાઈ ડેમની જળ સપાટી ૩૧૫.૫૯ ફૂટે પહોંચી છે.

## તંત્રી સ્થાનેથી...

# મોંઘવારીનો માર

*અનાજ, શાકભાજી, તેલના ભાવ તો પહેલેથી જ વધેલા છે, હવે રાંધણ ગેસ ફરી એક વખત મોંઘો થતાં રસોડાનું બજેટ ફરી ખોરવાયું છે. રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા એક વર્ષમાં સિલિન્ડરના ભાવ ૮૩૪ રૂપિયાથી વધીને ૧૦૫૩ રૂપિયા પહોંચી ગયા છે. એટલે કે ૨૬ ટકાથી પણ વધુનો વધારો. રશિયા-યુક્રેન યુદ્ઘને કારણે અને થોડી કોવિડ મહામારીની અત્યાર સુધી ચાલતી અસરને કારણે વિશ્વ બજારમાં ઈંધણના ભાવ જે રીતે વધી રહ્યા છે, તેની અસર વહેલામોડા પ્રજા પર પડવાની જ હતી. મોંઘવારીના આ દોરને કેટલાક અર્થશાસ્ત્રીઓ આયાતી મોંઘવારી પણ કહી રહ્યા છે, એટલે કે એવી મોંઘવારી જેની અસર ઘરેલુ કારકો કરતાં આંતરરાષ્ટ્રીય દબાણથી વધુ થાય છે. એવું પણ નથી કે મોંઘવારી ફક્ત ભારતમાં વધી છે, તે દુનિયાભરમાં વધી રહી છે. ભારતના પડોશી દેશોમાં તો વધતી મોંઘવારી રાજકીય અસ્થિરતા પેદા કરવાની હદ સુધી પહોંચી ગઈ છે.*

*જોકે મોંઘવારી ચાહે ઘરેલુ બજારમાં પેદા થઈ હોય કે સાત સમુદ્ર પારથી આવી હોય, પરંતુ લોકોની કમર તે એક જ રીતે તોડે છે. કહેવાય છે કે જે ગરીબો ટેક્સ નથી આપી શકતા, મોંઘવારી તેમના પર થોપેલો ટેક્સ છે. તેનો સૌથી વધુ માર ગરીબો પર જ પડે છે. મધ્યમ વર્ગની પરેશાનીઓ પણ તેનાથી ઘણી વધે છે. લોકો હવે ખરીદી કરતાં ખચકાઈ રહ્યા છે. પરંતુ જે જરૂરિયાત છે તેની ખરીદી કરવી લોકો માટે મજબૂરી હોય છે. લોકોની વાસ્તવિક આવક હજુ એ સ્તરે નથી પહોંચી શકી, જે મહામારી પહેલાં હતી. કોરોના કાળમાં પણ કેટલાક લોકોની કમાણી તો બહુ વધી, પરંતુ તેનાથી સમગ્ર સમાજની સ્થિતિમાં સુધાર નથી આવ્યો. દેશમાં અબજોપતિઓની ઝડપથી વધતી સંખ્યા અને સ્વિસ બેંકમાં ભારતીયોનું વધતું કાળું નાણું પણ ગરીબોને પરેશાન કરી રહ્યું છે. ભારત સામે આ સમયે ફુગાવો કે મોંઘવારી એકલી સમસ્યા નથી. દુનિયાનાં બજારોના જે હાલ છે, તેણે આપણા ખિસ્સાને જ નહીં, આપણી મુદ્રાને પણ હલકી કરી દીધી છે. ડોલરના મુકાબલે રૂપિયાની કિંમત આ સમયે રેકોર્ડ તોડી રહી છે. મોંઘવારીને કારણે જ્યારથી અમેરિકાની ફેડરલ રિઝર્વ વ્યાજ દરો વધાર્યા છે, ત્યારથી સંસ્થાગત વિદેશી રોકાણકારો ભારતમાંથી પૈસા કાઢીને અમેરિકામાં લગાવી રહ્યા છે, તેનાથી આપણાં શેરબજારો પણ ગોથાં ખાઈ રહ્યાં છે અને રૂપિયો પણ. મોંઘવારી વધવાનાં કારણો ભલે આયાતી હોય, પરંતુ સરકારોએ લોકોની મદદ કરવાની જરૂર છે. ખાસ કરીને સરકારોએ એવા લોકોની મદદ કરવાની જરૂર છે, જેમના પોષણ સ્તરને મોંઘવારી ઘટાડી દે છે. જેમ કે મહામારી ભલે બહારથી આવી હતી, પરંતુ તેની સામે ઘરેલુ સ્તર પર જ લડવું પડ્યું હતું, એવી જ રીતે મોંઘવારીનો સામનો દરેકે મળીને કરવો પડશે.*

## હેડિંગ- રખડતા કુતરાના ત્રાસ નિવારણ નગરજનો અને મહાનગરપાલિકાનું સંયુક્ત અભિયાન

તારીખ- ૦૮ જુલાઇ, ૨૦૨૨

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા કુતરાની વસ્તી નિયંત્રણ અંતર્ગત જાહેર નાગરિકોને જણાવવાનું કે, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રખડતા કુતરાની વસ્તી નિયંત્રણ કાર્યક્ર્મ ભારત સરકારશ્રીની એનીમલ બર્થ કંટ્રોલ(૨૦૦૧) યોજના હેઠળ અમલમાં છે.જે અંતર્ગત AWB માન્યતા પ્રાપ્ત ફજીછ૭ઉઇ૪ સંસ્થાને ખસીકરણ તથા હડકવા વિરોધી રસીકરણની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયાથી નિયુક્ત કરી કામ સોંપવામાં આવે છે. સદર યોજનાનો હેતુ લાંબા ગાળે કુતરાઓની વસ્તી નિયંત્રણ અને હડકવા રોગ નિયંત્રણનો છે.

ભારત સરકાર દ્વારા રખડતાં કુતરાઓની સારસંભાળ/ખસીકરણ અંગેની કાયદાકીય જોગવાઈ

૧. IPC Sec.૪૨૮, ૪૨૯ અને PCA act ૧૯૬૦ જીષ.૧૧ રખડતા કે ગલીના કુતરા ને મારવા કે હાંકી કાઢવા દંડનીય/સજાને પાત્ર છે. વધુમાં વધુ તેઓનું વંધ્યીકરણ,રસીકરણ કરી શકાય.

૨. સરકારની નીતિ "એનીમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ-૨૦૦૧" પ્રમાણે તેઓનું વંધ્યીકરણ,હડકવા વિરોધી રસીકરણ કરી લીધા બાદ જે વિસ્તારમાંથી પકડવામાં આવેલ હોય તે જ વિસ્તારમાં પરત છોડવા ફરજિયાત છે. કોઈપણ વ્યકિત કે રહીશ કે જે આનો વિરોધ અથવા કોઈપણ પ્રકારની દખલ કરે તે કાયદા દ્વારા દંડનીયપાત્ર છે.

૩.વંધ્યીકરણ ઓપરેશન કર્યા બાદ તે કુતરાના એક કાન પર 'ફ' ટાઈપનો કાપો (કાયમી ઓળખ માટે) મુકવામાં આવે છે.

૪. કોઈપણ કાયદો રખડતાં કે ગલીના કુતરાને ખોરાક આપતા અટકાવતો નથી. જે લોકો કુતરાને ખોરાક કે પોષણ આપતાં વ્યક્તિઓને કનડતા હોય કે પરેશાન કરતાં હોય તે કાયદાકીય રીતે સજાને પાત્ર છે. જેનું સમર્થન ઉચ્ચ ન્યાયાલયો તથા એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (AWBI) દ્વારા કરવામાં આવે છે.

૫. પ્રાણીઓ જોડેનાં કોઈપણ ક્રુરતાપુર્ણ વ્યવ્હારની જાણ નજીકના પોલીસ સ્ટેશનને કરી શકાશે.

૬.છ઼ઝ પ્રોજેક્ટમાં કામ કરતી સંસ્થા શેલ્ટર ચલાવે છે. જેથી કુતરા લઈ જઈને બીજે છોડી તેમજ મૃત પ્રાણીને લઈ જવા માટે નથી.જેની ખાસ નોંધ લેશો.

૭. હડકાયા કુતરાને પકડયા બાદ , ABC રૂલ્સ મુજબ ઓબ્ઝર્વેશન પિરિયડમાં રાખવામાં આવે છે. અને જરૂર જણાય તો ગાઈડલાઈન અનુસાર તેનો નિકાલ કરવામાં આવે છે.

૮. ABC પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા નિયત સમયાંતરે જીલ્લા કક્ષાની જીઁઝછ (જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી) કમિટી દ્વારા સ્થળ તપાસ કરી કરવામાં આવે છે, તથા છ઼ઝ રૂલ્સ (૨૦૦૧) અન્વયે ABC મોનિટરીંગ કમિટી દ્વારા નિયત સમયગાળે મીટીંગનું પણ આયોજન કરવામાં આવે છે. 'ભારત સરકાર દ્વારા રખડતાં કુતરાઓ માટે કાયદાકીય જોગવાઈ અને સુવિધાની જાણકારી , જાગ્રુતિ માટે આ અભિયાન માનવ જાતિ અને પ્રાણીઓના શાંતિપુર્ણ સહ-અસ્તિતવને સ્થાપવા માટે ઘડવામાં આવેલ છે." જેમાં આપ સૌને સાથ અને સહકાર આપવા વિનંતી છે. જાહેર નાગરિક રખડતાં કુતરાઓની ફરીયાદ સંપુર્ણ વિગતસહ ટોલ ફ્રી નંબર-૧૮૦૦ ૧૮૦ ૧૮૧૮ ઉપર નોંધાવી શકશે.

## ગુરૂ વચનામૃત...




પ્રભુ પરમાત્મા જ સત્ય છે,અંતમાં અમારે તેમાં જ સમાવવાનું છે

પ્રભુ પરમાત્મા જ સત્ય છે.અંતમાં અમારે તેમાં જ સમાવવાનું છે તેમનામાંથી જ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ છે અને તેમાં જ અંતમાં સમાઇ જાય છે.અમોને અમારા મૂળની વિસ્મૃત્તિ ના થઇ જાય એટલા માટે હરિ સ્મરણ આવશ્યક છે.સત્ય એક,નિત્ય અને અનંત છે તથા તમામનું આધાર સ્વરૂપ છે.

જેને સત્ય બ્રહ્મની પ્રાપ્તિ કરી એવા સંતોની સાથે દુર્જનો સહજ સ્વાભાવિક યુગોથી વૈર કરતા આવ્યા છે.સંસારના લોકોના કાર્યો આશ્ર્ચર્યજનક છે,કેમકે તે અવતારો,પીરોનો તેમના જીવનકાળ દરમ્યાન સન્માન કરતા નથી,પરંતુ તેમના દેહાંત બાદ તેમની પૂજા કરે છે.

સત્યની શોધમાં માનવ અસત્ય માયામાં ભટકતો રહે છે અને માયાના પડદા પાછળ રહેલા આ સર્વવ્યાપી બ્રહ્મનાં દર્શન કરી શકતો નથી.પૂર્ણ સદગુરૂ જ આ આવરણ દૂર કરી શકે છે.

બ્રહ્મની સાથે જોડાયેલા વ્યક્તિઓમાં પ્રભુના તેજનો પ્રવાહ પ્રગટ હોય છે.જે પરમ સત્યની સાથે જોડાયેલા છે તેમનામાં આધ્યાત્મિક શક્તિનો વાસ હોય છે.જયારે અમારૂં મન બ્રહ્મજ્ઞાનીઓના ચરણોમાં ઝુકે છે ત્યારે મનના વિકારો દૂર થાય છે..તે અમોને અનેક મુશ્કેલીઓમાંથી બચાવે છે.

બ્રહ્મજ્ઞાન બાદ જો જગત સત્ય લાગે તો સમજો કે..નિર્મલ બ્રહ્મજ્ઞાન થયું નથી.જો સ્વપ્ન સત્ય લાગે તો સમજો કેઃ હજુ જાગ્યા જ નથી.સ્વપ્ન અને જગતમાં ફરક જ નથી..જીવનો સંકલ્પ સ્વપ્નુ છે અને બ્રહ્મનો સંકલ્પ આ જગત છે.આ બંન્નેમાં ફર્ક એટલો જ છે કે સ્વપ્ન. ત્યારે પુરૂ થાય છે જયારે આંખ ખુલે છે અને જગત ત્યારે ખતમ થાય છે જયારે આંખો બંધ થાય છે.જગત પણ સ્વપ્નાની જેમ જુઠું છે.

સત્ય એ જ સૌથી મોટો ધર્મ છે અને અસત્ય એ જ સૌથી મોટુ પાપ છે..

એટલે મન..વચન અને કર્મથી હંમેશાં સત્ય વ્યવહાર કરવો જોઇએ.જે સત્યને આપણે પચાવી ન શકીયે એને જાણવાનો કયારેય આગ્રહ ન કરવો.

ગુરૂની દયાથી થયેલ સત્યની જાણકારીમાં શંકા કરવાથી..તર્ક વિતર્ક કરવાથી ગુરૂ શિષ્યના સબંધોમાં અવિશ્વાસ ઉભો થાય છે.ભવસાગરમાંથી પાર ઉતરવા ગુરૂના વચનોમાં વિશ્વાસ ખૂબ જ જરૂરી છે.

સત્ય પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કરાવે, સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરૂ.માત્ર શબ્દોથી ઉપદેશ આપે તેને ગુરૂ કહેવાય.(આધુનિક-અત્યારના જમાનામાં આવા ગુરૂ ઠેર ઠેર જોવા મળે છે) જેનો પ્રત્યેક વ્યવહાર જ્ઞાન અને ભક્તિ,વૈરાગ્યથી ભરેલો છે અને એક પળ પણ પ્રભુ પરમાત્માના દર્શન વગર રહી શકતા નથી તે મહાત્મા સદગુરૂ છે.

સત્સંગ વગર જ્ઞાન મળતું નથી.સ્વ-રૂપનું (આત્મા)નું પરિપૂર્ણ જ્ઞાન એ એક જ સત્ય છે.એક બ્રહ્મ (પરમાત્મા) જ સત્ય છે.આ બ્રહ્મ સત્યસ્વરૂપ,ભેદથી રહિત પરિપૂર્ણ,આત્મસ્વરૂપ છે.

એક પ્રભુ પરમાત્મા જ એકમાંથી અનેક બનીને સમગ્ર સૃષ્ટિને ચલાવી રહ્યા છે.પ્રભુ અરૂપ અરંગ અને રેખાહીન છે.ઈન્દ્રિયાતિત,મન અને બુધ્ધિથી પર અગોચર છે.અથાહ અને અનંત છે.સમ્રાટોના પણ સમ્રાટ છે.આદિકાળથી અનાદિ અને સર્વવ્યાપી છે.(નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# શ્રીલંકામાં ૧૦ માંથી ત્રણ ઘરો ખોરાક માટે સંઘર્ષ કરી રહ્યા છે

કોલંબો,તા.૮

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ ખાદ્ય કાર્યક્રમએ આર્થિક સંકટગ્રસ્ત શ્રીલંકામાં ખાદ્ય સુરક્ષાની સ્થિતિ પર એક નવું વિશ્લેષણ રજૂ કર્યું છે. આ મુજબ દેશમાં દર ૧૦માંથી ત્રણ પરિવારો પોતાના માટે ભોજનની વ્યવસ્થા પણ કરી શકતા નથી. આમ ૬૦ લાખથી વધુ શ્રીલંકાના લોકો અનિશ્ચિત છે કે તેઓને તેમનું આગામી ભોજન મળશે કે કેમ.

ડેટા અનુસાર, લગભગ ૬૧ ટકા પરિવારો ખાદ્યપદાર્થોના ભાવમાં મોંઘવારી, ઈંધણના આકાશને આંબી જતા ભાવ અને ચીજવસ્તુઓની મોટા પાયે અછતને ધ્યાનમાં રાખીને ખર્ચમાં ઘટાડોનો સામનો કરી રહ્યા છે. તેઓએ કાં તો ખોરાકનું પ્રમાણ ઘટાડવાનું શરૂ કરી દીધું છે અથવા વધુને વધુ ઓછા પૌષ્ટિક ખોરાક લેવા લાગ્યા છે.

યુનાઈટેડ નેશન્સ ની ફૂડ રિલીફ એજન્સીનો અંદાજ છે કે વધુ લોકો આ વ્યૂહરચનાઓ અપનાવી શકે છે જેથી યુનિયન વધુ ઊંડું થાય. એક મહિલાએ કહ્યું કે આ દિવસોમાં અમે માત્ર ભાત અને ગ્રેવી જ ખાઈએ છીએ કારણ કે અમારી પાસે પૂરતો ખોરાક નથી.શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ કહ્યું છે કે તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને આર્થિક સંકટમાં તેમના દેશમાં તેલની આયાત કરવા માટે મદદ માંગી છે. રાજપક્ષેએ આ ચર્ચાને ખૂબ જ સકારાત્મક ગણાવી હતી. તેમને રશિયા પાસેથી લોન પર સસ્તું તેલ મળવાની આશા છે. દરમિયાન, શ્રીલંકામાં લોકો મોટી સંખ્યામાં રાજધાની કોલંબોના રસ્તાઓ પર ઉતરીને વિરોધ નોંધાવવાનું ચાલુ રાખ્યું હતું.શ્રીલંકામાં એક મહિલા, જે વિદેશમાં રોજગાર માટે પોતાનો દેશ છોડવા માટે પાસપોર્ટ મેળવવા માટે બે દિવસથી લાઇનમાં હતી.

## પહેલીવાર નેશનલ ગેમ્સ ૨૦૨૨ ગુજરાતમાં રમાશે

ગાંધીનગર,તા.૮

ગુજરાત ઓલિમ્પિકની તૈયારી તરફ આગળ વધી રહ્યુ છે. તે પહેલા ગુજરાતના આંગણે મોટી સ્પોર્ટસ ઈવેન્ટ યોજાવા જઈ રહી છે. ગુજરાતમાં ૩૬ મો રાષ્ટ્રીય સ્પોર્ટસ મહોત્સવ યોજાવાની જાહેરાત કકરાઈ છે. જેમાં દેશભરના ૨૫ હજારથી વધુ રમતવીરો ભાગ લેશે. ગુજરાતના આંગણે રમાનારી નેશનલ ગેમ્સ ૨૦૨૨ ની ઈવેન્ટ ખાસ બની રહેશે.ગુજરાત પહેલીવાર આ પ્રકારના નેશનલ લેવલના રમોત્સવની યજમાની કરવા જઈ રહ્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેરાત કરી કે, ગુજરાતમાં પહેલીવાર રાષ્ટ્રીય રમતોત્સવ યોજાશે. ૩૬ મી નેશનલ ગેમ્સ ૨૦૨૨ ઈવેન્ટ ગુજરાતના આંગણે રમાશે. જે સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમિયા યોજાશે. અમદાવાદ સહિત ગુજરાતના ૬ શહેરોમાં તેનું આયોજન કરાશે. જેમાં દેશભરના ૨૫ હજારથી વધુ રમતવીરો ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે, ઓલિમ્પિકની દાવેદારી પહેલા ગુજરાત સરકારનું આ મોટું આયોજન છે.

# વૈશ્વિક સ્તરે જીવદયા, ગૌસેવા, માનવતાનું કાર્ય કરનાર ગિરીશભાઇ શાહ રાજકોટની મુલાકાતે

**કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સેવારત સમસ્ત મહાજન**

રાજકોટ,

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. ગિરીશભાઈને ત્રણ જૈન સાધુઓએ જુદા જુદા પ્રસંગે ગૌરક્ષા અને પશુ કલ્યાણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાની સલાહ આપી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. ×સેવા અને રક્ષણ કરો×. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઇ શાહ હીરા બજાર સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય વ્યાપારી છે. જેમની ભારત, અમેરિકા, યુરોપ સહિતના વિવિધ દેશોમાં પોતાની ઓફીસ છે. વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.

સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ. આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ગિરીશભાઇ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

ભારતભરમાં ૧૯,૫૦૦થી વધુ ગૌ શાળા-પાંજરાપોળો છે. મોટા ભાગની પાંજરાપોળોનું વ્યવસ્થાપન જૈનો અને જીવદયાપ્રેમીઓના દાનથી શક્ય બને છે. સરકારી સહયોગ નહીંવત્ છે, સિવાય કે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં મળતો રાજ્ય સરકારનો થોડો ઘણો સહકાર. પાંજરાપોળો-ગૌ શાળાને એક પશુને સાચવવાનો પ્રતિદિન ખર્ચ રૂ. ૫૦, તો માસિક રૂ. ૧,૫૦૦ અને વાર્ષિક રૂ. ૧૮,૦૦૦ ખર્ચ આવે છે. પાંજરાપોળોના અબોલ જીવોના નિભાવમાં વાર્ષિક માત્ર રૂ. ૧૮,૦૦૦ના યોગદાનથી ઉમદા સેવા થઈ શકે છે. વ્યક્તિમાત્રએ કમ સે કમ એક અબોલ જીવના નિભાવનું પુણ્ય કમાવા જેવું છે. ઘણી પાંજરાપોળોને શેડ, ગોડાઉન, હવાડા, ગમાણની પણ આવશ્યકતા હોય છે. સારી સુવિધાઓથી પાંજરાપોળોને જીવદયાના કાર્યમાં સહેલાઈ રહે છે.

સમસ્ત મહાજન દ્વારા છેલ્લા ઘણા સમયથી ભોજરથની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત




દરરોજ ૪૦૦થી પણ વધુ લોકોને આરોગ્યપ્રદ ભોજન પીરસવામાં આવે છે. સમગ્ર મુંબઈમાં બાળકો અને ગરીબોને પોષણયુક્ત ખોરાક પૂરો પાડવામાં પાડવામાં આવે છે જેથી બાળકો કુપોષણનો સામનો કરી શકે. સમસ્ત મહાજન દ્વારા જરૂરિયાતમંદ પરિવારો, વિધવાઓ, વૃદ્ધ યુગલોને કરિયાણાની કીટનું વિતરણ પણ કરવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પણ લગભગ એક લાખ કરિયાણાની કિટનું વિતરણ સમસ્ત મહાજન દ્વારા કરવામાં આવ્યું હતું. સમસ્ત મહાજન દ્વારા કોરોનાની શરૂઆતથી અત્યાર સુધી નિરંતર (કોરોના હોય કે ૪૨ ડિગ્રી તાપમાન કે પછી ૧૮ ડિગ્રી કે પછી અતિશય વરસાદ) ભોજનરથ ચલાવવામાં આવી રહ્યો છે જેને ૮ જુલાઈનાં રોજ ૫૦૦મો દિવસ થયો છે.જેમાં અત્યાર સુધીમાં ૪,૪૦,૦૦૦ લોકો સુધી શુદ્ધ સાત્વિક ભોજન કોલાબા થી કલ્યાણ, મલાડ થી માથેરાન,વાલકેશ્વર થી વિરાર, ચુનાભટ્ટી થી ચિપલોન પહોંચાડવા આવ્યું છે.

ગામડાંઓના ખરા વિકાસ માટે ત્યાં ગૌચર, તળાવ દેશી વૃક્ષોનું સંવર્ધન અનિવાર્ય છે. આપણે માનીએ છીએ કે ગૌચર દબાણમાં ગયાં. હકીકતમાં ઘણાં ગૌચર બચેલાં છે. ગૌચરોને બાવળમુક્ત કરી ત્યાં ઘાસ વાવવામાં આવે તો અબોલ જીવોને શાતા પહોંચે. ગામનાં નાળાં, તળાવ, કૂવા ચોખ્ખાં કરીને વરસાદના પાણીનો સંગ્રહ કરાય તો ખેતીકામને ફાયદો થાય. આવાં કાર્યો માટે છે ગ્રામ દત્તક યોજના. એક દત્તક ગામમાં એક વરસ કાર્ય ચાલશે. ગામના પશુપાલકો અને ખેડૂતો પણ ડીઝલ આપીને જોડાઈ શકે. યોજનાથી ગામ નંદનવન બનશે.

પક્ષીઓનું ચણ એટલે વૃક્ષોનાં ફળ. વટેમાર્ગુઓને છાંયડો પણ મળે. આપણે સર્વત્ર દેશી વૃક્ષો વાવીએ. વડ, પીપળો, વાવેલાં વૃક્ષોના જતનની સુનિશ્ચિતતા આંબો, આંબલી, લીમડો, હરડે, બહેડા, ગ્રામજનોના સહયોગમાં પાંજરાથી કરીશું. સમી, બિલીપત્ર, ઔદુંબર, જાંબુ, આંબળા, કદંબ, કરંજ, અર્જુન અને બકુલ તેનાથી પર્યાવરણ સુધરે, વરસાદ પણ સારો થાય છે. તેથી આવા દેશી વૃક્ષોનું વાવેતર સમસ્ત મહાજન દ્વારા કરવામાં આવે છે. હાલમાં જ 'આપણું ગામ, ગોકુળ ગામ'' યોજના અંતર્ગત ડીસના નેંસડા જુના ખાતે સદભાવના વૃધ્ધાશ્રમ અને જુના નેંસડા જૈન સંઘના સંયુકત ઉપક્રમે જુદી જુદી જાતના ૧૬૦૦ જેટલા વૃક્ષનું ટી–ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવ્યું હતું.નાનાં નાનાં ગામડાંઓમાં સામાન્ય પરિવારો રહે છે. આવકના સ્ત્રોત ઓછા છે. આવા પરિવારોને રૂ. ૮,૫૦૦નું ૧૫૦ કિલો અનાજ ઘેરબેઠા પહોંચાડવાનો પ્રયાસ જારી છે. લગભગ ૨,૦૦૦ પરિવારો સુધી પહોંચી શકાયું છે. હજી પણ ગામેગામ પહોંચીને પરિવાર ભક્તિ કરવાની છે. આપશ્રી પણ યથાશક્તિ લાભ લઈને પુણ્ય અર્જિત કરશો.

આર્થિક મૂંઝવણ ધરાવતા પરિવારો બાળકોને શિક્ષણ અપાવવા વિશે પણ ચિંતિત હોય છે. આવા પરિવારનાં બાળકોને વાર્ષિક શિક્ષણ સહાય તરીકે રૂ. ૧૦,૦૦૦ની મદદ કરી શકાય. લગભગ ૨,૦૦૦ બાળકોની શિક્ષણસેવા કરવાની ભાવના છે.

"સમસ્ત મહાજન" પાસે વૃદ્ધાવસ્થાને અપગ્રેડ કરવાની વિગતોની વ્યૂહરચના છે. તેમજ સમસ્ત મહાજન દ્વારા અનાથ બાળકો માટે ઘરો અને છાત્રાલયોની પણ સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલમાં ૧૦૧ વૃદ્ધાશ્રમોમાં સેવા સમસ્ત મહાજન દ્વારા આપવામાં આવે છે.

કાઉ પ્લાન સમસ્ત મહાજન દ્વારા વર્ષમાં ૮ વખત દેશના વિવિધ રાજ્યોમાં ગૌશાળા-પાંજરાપોળોનાં સંચાલકો માટે પ્રવાસી તેમજ નિવાસી સંમેલનનું પણ આયોજન થતું હોય છે. આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા-પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક-સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેકટીકલ અને દ્દષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરવમાં આવે છે.

ગિરીશભાઈ શાહની સાથે હાથ-પગ મિલાવીને જીવદયા શ્રેષ્ઠીઓ દેવેન્દ્રભાઈ જૈન, પરેશભાઈ શાહ, નૂતનબેન દેસાઈ, ગિરીશભાઈ સત્રા, અશોકભાઈ શાહ, હીરાલાલ જૈન, રવિભાઈ જૈન સહિતનાં દેશભરમાં ફેલાયેલ અનેકો સેવાભાવીઓ સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓમાં તન, મન, ધનથી સહભાગી થઈ રહ્યા છે.

ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં મેમ્બર તેમજ સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઇ શાહનાં રાજકોટમાં આગમન સમયે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં ભારત સરકારનાં પશુ પાલન વિભાગનાં સલાહકાર મિત્તલ ખેતાણી, સમસ્ત મહાજનનાં કુમારપાળ શાહ, રમેશભાઈ ઠક્કર, ધીરેન્દ્રભાઈ કાનાબાર, પ્રતિક સંઘાણી, વીરાભાઈ હુંબલ

સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત મહાજન રાજકોટ, મુંબઈ, સુરત, અહમદાવાદ, વડોદરા વિસ્તારોમાં પોતાનો કાર્યાલય પણ ધરાવે છે. મુંબઈ : ૩૦૭,રાજશીલા બિલ્ડીંગ, ૫૯, જે.એસ.એસ.રોડ,ચીરાબજાર, મુંબઈ-૨, અમદાવાદ : ૪,સાનિધ્ય બિલ્ડીંગ,સંન્યાસ આશ્રમ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૯ ,વડોદરા : તુલીપ હાઉસ,હરિભક્તિ એક્સટેન્શન, રેસ કોર્સ,વડોદરા, સુરત : ૧૦૪,પંચરત્ન એપાર્ટમેન્ટ,અઠવાલાઈન્સ,સુરત-૧. મોબાઈલ નંબર : ગિરીશભાઈ શાહ – ૯૮૨૦૦૨૦૯૭૬. ફેસબુક : https://www.facebook.com/samast.mahajan.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No: 0019

વિષય..મિત્રતા

પ્રકાર..પદ્ય,અછાંદસ

શીર્ષક... દર્દ

શું કહું વ્હાલા મિત્ર,
તું
આવ તો ઈન્તજાર છે,
ન આવ તો દર્દ છે.
મિત્રતાની
મહેફીલ છે,
મારી ને તારી સંગતની કહાની છે.
આવ તો એક ધરોહર લઈને આવજે,
હૈયાના 'હેતથી' ગળે મળજે...
હું ને તું એકબીજાનો સ્વિકાર કરીએ..
તું મારો મિત્ર છે એ પૂરતું છે.
માન..મોભો તો ગૌણ છે..
એકબીજાને જાણીએ એ જ મિત્રતાનું ઋણ છે..

મારી વેદનાની બાદબાકી કરી, સુખનો સરવાળો કરનાર એક માત્ર તું!

ભલે કૃષ્ણ નથી થવાતું.. પણ સુદામા થઈ સંબંધો ની આરપાર થવું છે!

મિત્રતાનાં કોઈ દિવસો નથી હોતાં,
આપણો તો જમાનો છે!

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG SS N0 : 109

શિર્ષક :-મિત્ર

પ્રકાર :-ગધ

બાબુ સંગાડા 'મહેક'

મિત્ર શબ્દ ઉચ્ચારતા આપણામાં ભાવનાત્મક લાગણી જન્મે છે,શબ્દ એટલો ભાવવાહી હોય પછી શબ્દને આત્મસાત કરનાર વ્યક્તિ કેટલો ભાવનાત્મક હોય એજ શોધવું રહ્યું,

જેમ દીવેટ ને તેલની મિત્રતા જુંવો તમે,તેલ બળે તો સાથે દીવેટ એ બળીને ખાખ થઈ જાય છે,તેલને છોડી દેતી નથી,કમળને ભમરાનો પ્રેમ જુવો ભમરો જાણે છે કે હું કમળ પાસે જઈશ તો

એની પાખડીઓ બીડાય જશે છતા પણ એ પ્રેમ તેને ખેચી લાવે છે આખરે જાતને પાંખડીઓ બીડાતા સમર્પિ દે છે.પ્રાચીન ઈતિહાસ તરફ નજર કરીએ તો મિત્રતાના ઘણા ઉ.દા હરણ આપણને મળે છે,દુર્યોધન કર્ણની મિત્રતાની જગતમાં ખૂબ પ્રસંશા થાય છે,તમે જુવો કે કર્ણ જાણતો હતો કે પાંડવો મારા ભાઈ છે,પણ કર્ણએ પોતાના મિત્રને વચન આપ્યુ હતું કે કર્ણ જીવશે લગી પોતાનો મિત્રધર્મ નિભાવશે,આ મિત્રધર્મ નિભાવતા કર્ણ પોતાની જાત મિત્રની ખાતર યુધ્ધભૂમિમા ખપાવી દે છે.સાચા મિત્રો આવા હોય છે,મિત્ર નામનો ના હોય મિત્ર સમયે મિત્ર માટે પોતાની જાનની બાજી લગાવી દેતો હોય છે.એજ સાચો મિત્ર કહેવાય. આપણે મિત્ર કેવો બનાવવો ?અથવા મિત્ર કેવો હોવો જોઈએ ?તમારે તમારી જાતે નક્કી કરવાનું છે,સાચો મિત્ર નિસ્વાર્થી,હોય,તેની દોસ્તી કોઈપણ અપેક્ષાથી પર હોય છે,તે તમારી સામે આવી પડેલ મુશ્કેલીના સમયે પુરો સાથ આપે છે સાથે તેનાથી બનતી તમામ મદદ કરી મિત્રને ઉગારી લેવા પ્રયત્ન કરતો હોય છે,

મિત્રતા બે સાચા હૃદયનું મિલન છે,તમે તમારા જીવનમાં બનેલી,અંગતમાં અંગત વાતને બેફિક્ર તમારા મિત્ર સામે રજું કરી શકતા હોય છે ,જે વાત તમારા મા બાપને કરી શકતા નથી તે વાત તમે તમારા મિત્ર આગળ કહી શકતા હોય છે,કહેવાનો મતલબ કે વિશ્વાસનું બીજું નામ એટલે મિત્ર.તો જ મિત્ર બની શકે,બાકી અપેક્ષાના ચહેરા હજારો ભેગા થવાથી મિત્રો ના બની શકે,મિત્ર એટલે હૃદયનું હૃદય સાથેનું અતૂટ બંધન,તે કાચ જેવો સ્વચ્છ હોય,ફુંલ જેવો નાજુંક હોય અને કલિ જેવો કોમળ હોય,પથ્થર જેવો સખ્ત હોય છે.એજ મિત્ર સાચો મિત્ર છે.

બાબુ સંગાડા'મહેક'

---

NOG SS No :-0038

વિષય :- મિત્ર

વિભાગ :-પદ્ય

શીર્ષક :- પવિત્ર તાંતણો

દિલથી જોડાયેલ પવિત્ર તાંતણો.
આવિષ્કાર આ દોસ્તી તણો.
ના કોઈ સ્વાર્થ ના કોઈ આશા,
દરિયો એ લાગણી તણો.
ના જોઈ શકે કદી દુ:ખી દોસ્ત
સબંધ પવિત્ર વ્હાલ તણો.
દુનિયાની અજબ કહાની અહીં,
બંધાયેલ તાંતણો મિત્રતા તણો.
હું છું ને કહી ભરે હૈયે હામ,
દોસ્તીનો પ્યાર એ કુદરત તણો.
તારું મારુ કરી ભાગે દુનિયા,
આપણું કહી આપે સહારો જીવન તણો.
મજાક મસ્તી તોફાન અહીં,
મહેકતો રહે સબંધ ખુશી તણો.

શીલાપટેલ 'આકાંક્ષા'

---

NOG ss no. 0007

વિષય : મિત્રતાનો સંવાદ

પ્રકાર : પદ્ય

શીર્ષક : ચાલને સખી

ચાલને સખી,ફરી આજે હાથમાં હાથ પરોવી એજ રસ્તાઓ પર ધૂળમાં પગલી પાડતાં ?ફરી નિશાળે જઈએ.

વહેલી સવારમાં....સૌથી પહેલાં નિશાળે પહોંચી,

વર્ગનો દરવાજો ખોલી, વર્ગના અંધારાને અજવાળામાં ફેરવીએ.

વર્ગના લાઈટ, પંખાના બટનો દબાવી વર્ગની શાંત સૂતેલી દિવાલોને ફરીથી જગાડીએ.

આગલા દિવસે ચિતરાયેલાં વાસી બ્લેક બોર્ડને ડસ્ટરથી વટથી ભૂંસી ફરી નવું નક્કોર કરી કોઈ નવો સુવિચાર લખીએ, અને........

પહેલી બેન્ચ પર બેસી વટથી કબ્જો જમાવીએ.

ચાલને સખી ફરી આજે હાથમાં હાથ પરોવી એજ રસ્તાઓ પર ધૂળમાં પગલી પાડતાં જઈએ.

લેખિકા: આરતી અઢીયા મરચંટ


મુંબઈ: કાંદિવલી

# આઘો રાખ

**હૈયાની હોડી હાલકડોલક છે,**
**લવનો લબાચો આઘો રાખ.**
**બધા ડૂબી જઇશું આમને આમ,**
**સમયનો તકાજો આઘો રાખ.**
**એક બે પ્રેમિકા સમાઇ શકે,**
**બાકીનો બોજો આઘો રાખ.**
**આકાશમાં કેટલી પતંગ છે,**
**પેચ માટે માંજો તાજો રાખ.**
**સાચી પ્રાર્થનાથી હરિ મળે,**
**હુક્કો ગાંજો આઘો રાખ**

**ભરત વૈષ્ણવ**

**૮.૭.૨૦૨૨.**



**ભારત ના રાષ્ટ્રપતી પદ ની ચૂંટણી ના ઉમેદવાર તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી યશવંત સિંહા આજે ગાંધીનગર વિધાનસભા ભવન ખાતે કોંગ્રેસ ના ધારાસભ્યો ના મત ના પ્રચાર માટે આવી પહોંચ્યા..કોંગ્રેસ ના પ્રદેશ પ્રમુખ.કાર્યકારી પ્રમુખો સાહિત્ય.પૂર્વ સાંસદ.રાજ્ય સભા ના સાંસદ સભ્યો હાજર રહ્યા હતા**

# સૌરાષ્ટ્રની રસધાર વાંચવાની વેરઝેર અને બહારવટા વધે? રાજુ રદીનો સટિક પ્રશ્ર

"ગિરધરભાઇ . પુસ્તકોની આડઅસર, લાડઅસર,છેડછાડ અસર, મારધાડઅસર,ચિરફાડ અસર હોય?'' રાજુ રદીએ ખુદને રશિયા માની મારા ઘરને યુક્રેન માની અહિંસક આક્રમણ કર્યુ.

" રાજુ.તેનો આધાર પુસ્તક કેવું છે તેના પર છે. જો સરકારી હશે તો એટલી ધૂળ ચડી હશે કે તેના પર આંગળીથી દિલ દોરી તેને તીરથી વીંધી તમારું નામ ધૂળાક્ષરે અંકિત કરી શકો છો. શેર શાયરીનાં હશે તો આગળ પાછળના પાના ફાટી ગયા હશે. ખુબ જ જાણીતા શાયરની શાયરીનો ભાગ કોઇ મજનું કઢંગી રીતે ફાડીને લઇ ગયો હશે. ઘણા એકતરફી ઉત્સાહી રાંઝાઓ(કાયમી વાંઢા પણ ખરાસ્તો) જેમ મૂત્રાશયમાં કોઇ છોકરીનો મોબાઇલ લખી ઠ આઇ લવ યુ લખીને પ્રેમનો ઇજહાર કરે( જે કદી પેલીને પહોંચવાનો નથી .આ પ્રેમ પ્રકરણનું મિસ કેરેજ થઇ જાય છે તે વાત અલગ છે, છતાં વિચલિત થયા સિવાય ચલ અકેલા ચલ અકેલા રાહી ગીતને ફોલો કરી તું નહીં તો ઔર સહીનો સહેલો માર્ગ અપનાવે છે. બાય ધી વે મૂત્રાલયમાં આ પ્રકારના નોબલ એવોર્ડ કક્ષાના ભીંત સર્જનોને અંગ્રેજોમાં ગ્રાફિટી કહેવાય છે!!!!) તેમ પાને અલગ અલગ છોકરીને પ્રપોઝ કરે છે. બોલો અંબે માત કી જય!'' મેં રાજુને લાંબુંલચક ગાઇડન્સ આપ્યું .

" પ્રભુ,પ્રભુ, સાધો " એમ કહી રાજુ મારા ચરણમાં પડ્યો.

" કિરપા કાયમ રહેંગી.'' અમે નિર્મલબાબા સ્ટાઇલથી આશીર્વાદ આપ્યા!!

" ગિરધરભાઇ. શું રામાયણ વાંચવાથી અપહરણ, લડાઇ, અંધશ્રદ્ધાને બળ મળે?વાલી જેવાને સુનાવણીની તક આપ્યા વિના - કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરીને મારી નાંખવાથી સમાજમાં નકારાત્મકતા, પદદલિતો પર અત્યાચાર કહી શકાય. નિષાદે રામ ભગવાને નદી પાર કરાવી મોક્ષ મેળવ્યો એ અનફેયર ટ્રેડ પ્રેકટિસ કહેવાય? નિષાદના મુખેથી નાઇ નાઇની હજામતના પૈસા ન લે તેવું કહીને ક્ષોરકર્મ કે કેશકર્તનકલાકારોનું અપમાન કરી તેમની લાગણી દુભાવી એવું કહી શકાય?'' રાજુએ એટર્ની જનરલની માફક દલીલોનો મારો ચલાવ્યો.

"રાજુ. આવી વાહિયાત વાત મગજ વગરના કે મગજની જગ્યાએ મૂત્રપિંડ હોય તે કરી શકે. રાજુ અનાપશનાપ ન બોલ માઝી સટકલી'' એમ કહીને સિંઘમની જેમ એકશન કરી.

"ગિરધરભાઇ. કોઇ ભગવદ્ગીતા કે મહાભારત વાંચીને હિંસા,ખૂનખરાબા ભડકાવવાનો આરોપ લગાવે કે ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રી રસધાર વાંચીને લૂંટફાટ , વેરવૃત્તિમાં વધારો કડવાશ વધવાની વાત કરે, મુન્શી પ્રેમચંદની નવલકથા વાંચી ગરીબી, મુફલિસી ગ્લોરીફાય કરવાનો આક્ષેપ મુકે, હરકિશન મહેતાની પીળા રૂમાલની ગાંઠ વાંચીને કોઇ પિંઢારા પાકશે તેમ થોડું કહી શકાય?'' રાજુ રદીએ શુધ્ધ સાહિત્યિક ચર્ચા કરતા તર્કબધ્ધ દલીલ કરી. રાજુ રદીના સાહિત્યિક જ્ઞાન પર હું આફરીન થઇ ગયો!!

" રાજુ. ડેલ કાર્નેગીએ હાઇ ટુ વિન ફ્રેન્ડઝ પુસ્તક લખ્યું છે.આ પુસ્તક વાંચીને કોઇ મિત્રને બદલે શત્રુ કમાય તો ડેલ કાર્નેગીની નિષ્ફળતા થોડી છે!!એમાં વ્યકિતની ખામી છે!!હાઉ ટુ બી મિલિયોનર પુસ્તક વાંચીને કોઇ વ્યકિત ધંધો શરૂ કરી ધંધામાં ખોટ કરે તો પુસ્તકનો લેખકનો દોષ થોડો કહેવાય?''મેં કહ્યું.

" ગિરધરભાઇ. હમણા બ્રિટનની યુનિવર્સિટીએ શેકસપિયર( પ્રૂફ રીડરશ્રી જોડણી આડીઅવળી ન કરતા નહીતર મારી પર કામુકતા વધારવાના કેસો નાહકનાનોંધાઇ જશે!)ના ઓલટાઇમ ગ્રેટ નાટક હેમલેટ, જોનાથનની ગુલિવર ટ્રાવેલ્સ , જેન ઓસ્ટિન પરશુએશન અને શેકસપિયરની નવલકથા જુલિયસ સિઝર વાંચવાથી હતાશા નકારાત્મકતા , ?જાતિવાદ, આત્મહત્યાની પ્રવૃતિ વધે છે.જેથી તેના કેટલાક પ્રકરણો પર પ્રતિબંધ મુકવા સમિતિએ માંગણી કરી છે.સ્કોલર આ નિર્ણયને કહેતા ?ભી દિવાના સુનતા ભી દિવાના માને છે.

ગુલિવર ટ્રાવેલ્સ સાહસકથા કે બાળકથા જેવી રોચક છે જેમાં ગુલિવર ઠીંગુજીના દેશમાં પરાક્રમ કરે છે. જ્યારે ગુલિવર લંબુજીના દેશમાં પરાક્રમ કરે છે.!!આજના યુવાનોનો ઓટીટી કે નેટ ફલીકસ, એમેઝોન પ્લેટફોર્મ કે યુટયુબ પર જે જુએ છે વેદ, પુરાણો, ભાગવત, રામાયણ , ભગવદ ગીતા જેવી પાવક, સાત્વિક, હકારાત્મક અસર થાય છે??'' રાજુ રદીએ અણિયાળો સવાલ પૂછ્યો!

ભરત વૈષ્ણવ

૮.૭.૨૦૨૨.

# સૌરવ ગાંગુલીએ સચિન તેંડુલકર અને જય શાહ સહિત અન્ય મિત્રો સાથે પોતાનો ૫૦મો જન્મદિવસ ઉજવ્યો

મુંબઈ,તા.૮

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને હાલમાં બીસીસીઆઇના પ્રમુખ સૌરવ ગાંગુલી ૮ જૂલાઈ ૨૦૨૨ના રોજ પોતાનો ૫૦મો જન્મ દિવસ ઉજવશે. તેમના જન્મ દિવસના એક દિવસ પહેલાથી જ ઈંગ્લેન્ડમાં પાર્ટી શરૂ થઈ ગઈ હતી. સૌરવ ગાંગુલી આ દિવસોમાં ઈંગ્લેન્ડમાં હાજર છે અને ભારત-ઈંગ્લેન્ડ શ્રેણી ઉપર નજીકથી નજર રાખી રહ્યા છે. આ દરમિયાન તે પોતાના બીસીસીઆઇના સાથીદારો તથા પોતાના સાથી ક્રિકેટર તથા મિત્ર સચિન તેંડુલકર સાથે જન્મ દિવસની ઉજવણી કરતા જોવા મળ્યા હતા.

બીસીસીઆઇના ભૂતપૂર્વ અધ્યક્ષ રાજીવ શુક્લાએ આ પાર્ટીની એક તસવીર ટ્વિટર ઉપર શેર કરી છે. આ પાર્ટીમાં સૌરવ ગાંગુલીની સાથે સચિન તેંડુલકર અને રાજીવ શુક્લા ઉપરાંત મ્ઝ્રઝ્રૈંના સચિવ જય શાહ અને ખજાનચી અરુણ ધૂમલ સહિત અનેક સભ્યો જોવા મળ્યા હતા. શુક્લાએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, સૌરવ ગાંગુલીના ૫૦મા જન્મ દિવસની ઉજવણી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૫૦ ઘટી રૂ.૮,૧૪૫ના સ્તરે પહોંચ્યો

સોનાના વાયદામાં રૂ.૩૯નો સુધારોઃ ચાંદી રૂ.૧૯૭ નરમઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૨૮૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૮૫૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૮ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૩,૮૪૦ સોદાઓમાં કુલ રૂ.૧૬,૧૬૪.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૨૮૩.૩૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૮૫૨.૯૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૨,૦૬૭ સોદાઓમાં કુલ રૂ.૩,૩૧૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૬૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૭૪૭ અને નીચામાં રૂ.૫૦,૫૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૯ વધી રૂ.૫૦,૬૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૭ વધી રૂ.૪૦,૬૬૬ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫,૦૫૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૧૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૫૦,૭૦૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૮૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૯૭૨ અને નીચામાં રૂ.૫૬,૪૬૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૭ ઘટી રૂ.૫૬,૭૪૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૩૩ ઘટી રૂ.૫૭,૧૮૩ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૪૪ ઘટી રૂ.૫૭,૧૮૮ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫,૭૨૨ સોદાઓમાં રૂ.૨,૪૮૨.૮૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૧૦.૬૦ અને જસત જુલાઈ વાયદો રૂ.૩.૯૦ ઘટી રૂ.૨૭૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૫.૭૫ ઘટી રૂ.૬૫૯.૧૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૭૪ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૭૯૩ સોદાઓમાં કુલ રૂ.૨,૪૩૦.૭૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૧૩૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૨૨૨ અને નીચામાં રૂ.૮,૦૫૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૦ ઘટી રૂ.૮,૧૪૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮૦ વધી રૂ.૪૯૪ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૦૧ સોદાઓમાં રૂ.૫૮.૬૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૧,૫૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૨,૪૦૦ અને નીચામાં રૂ.૪૧,૩૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪૦ વધી રૂ.૪૨,૧૭૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૩૦ ઘટી રૂ.૧૦૧૨.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૬૩.૫૯ કરોડનાં ૩,૨૮૨.૧૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૬૪૭.૬૨ કરોડનાં ૨૮૯.૧૦૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૯૪.૦૬ કરોડનાં ૧૪,૭૨,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૨૩૭ કરોડનાં ૨૫૨૩૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૫.૫૬ કરોડનાં ૧૦૯૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૩.૦૪ કરોડનાં ૧૨૭.૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૪૪.૯૩૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૯૩.૭૬૭ ટન, ક્રૂડ તેલમાં ૫૩૬૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૭૭૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૬૨૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૯૦.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૪૦ કરોડનાં ૪૦૪ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૦૯૧ના સ્તરે ખૂલી, ૧૯ પોઈન્ટ ઘટી ૧૪,૦૬૯ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૮૫૨.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૩.૪૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬.૭૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૬૨૭.૦૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨૪.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૯૮.૯૧ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૨૦ અને નીચામાં રૂ.૨૪૨ રહી, અંતે રૂ.૨૩.૯૦ ઘટી રૂ.૨૭૮.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૬.૧૫ અને નીચામાં રૂ.૨૮.૭૦ રહી, અંતે રૂ.૨.૯૫ વધી રૂ.૩૪.૬૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૭.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૦૫ અને નીચામાં રૂ.૪૩૯.૫૦ રહી, અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૪૭૮ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૧૨ ખૂલી, ઉપરમાં રૂ.૯૨૦ અને નીચામાં રૂ.૮૩૫ રહી, અંતે રૂ.૧૮ ઘટી રૂ.૮૯૬.૫૦ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૮ ખૂલી, ઉપરમાં રૂ.૫૩૦ અને નીચામાં રૂ.૪૫૫ રહી, અંતે રૂ.૧૯ ઘટી રૂ.૫૦૭.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૪૦.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૭૩ અને નીચામાં રૂ.૨૦૮ રહી, અંતે રૂ.૧૭.૫૦ વધી રૂ.૨૩૫.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮ ખૂલી, ઉપરમાં રૂ.૧૯.૯૫ અને નીચામાં રૂ.૧૭.૧૦ રહી.

CYMK

## તા. ૧૧ જુલાઇ વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે

# ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા વસ્તી સ્થિત રતાલાવવાની જાગૃત્તિ આપવા માટે ૧૬૩૩ પ્રવૃત્તિઓનું આયોજન

ગાંધીનગરઃ શુક્રવારઃ

તા. ૧૧ જુલાઇના દિવસને વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી દ્વારા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વસ્તી સ્થિરતા લાવવા અને સામાન્ય જનતામાં જાગૃત્તિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે કુલ- ૧૬૩૩ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લઘુશિબીર, ગુરૂ શિબીર, સાસુ સંમેલન, નવ દંપતિ શિબીર, પપેટ શો, શેરી નાટક અને આશા સંમેલન કરવામાં આવી રહ્યા છે, તેવું



જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમે જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમે જણાવ્યું છે કે, વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે યોજાઇ રહેલ પ્રવૃત્તિઓમાં આરોગ્ય વિષયક બાબતની ચર્ચા તથા કુંટુબ કલ્યાણ વિષે લક્ષિત દંપતિઓ સાથે સમપરામર્શ કરવામાં આવશે. જેમાં લગ્નની નિયમત ઉંમર, લગ્ન બાદ પ્રથમ બાળક તરત નહી, બે બાળકો વચ્ચે સુરક્ષિત અંતર તથા કુંટુબના સર્વાંગી વિકાસમાં નાના કુટુંબનો ફાળો, કુટુંબ કલ્યાણની કાયમી પધ્ધતિઓ, પુરૂષ માટે નસબંધી તથા સ્ત્રીઓ માટે વ્યંઘિકર ઓપરેશન બિન કાયમી પધ્ધતિઓ સ્ત્રીઓ માટે કોપર ટી, ગર્ભ નિરોઘક ગોળીઓ, માલએન, છાયા, અંતર ઈંજેકશન અને પુરુષો માટે નિરોઘ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. આ વર્ષે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીનું સૂત્ર 'પરીવારનિયોજનનાઅપનાવોપગલાં, લખોપ્રગતિનાનવાઅધ્યાય'રાખવામાં આવ્યું છે. વિશ્વવસ્તીદિવસ-૨૦૨૨નીઉજવણી મુખ્યત્વેબેભાગમાંકરવામાં આવશે જેમાં દંપતિસંપર્કપખવાડીયુંઅને જનસંખ્યાસ્થિરતાપખવાડીયાની ઉજવણી કરવામાં આવશે. હાલમાં દંપતિસંપર્કપખવાડીયું૨૭જુનથી ૧૦જુલાઈદરમ્યાન ઉજવણી કરવામાં આવી રહ્યું છે. જેમાં જનજાગ્રુતિના ભાગરુપે વિવિઘ વિસ્તારમાં કર્મચારી-આશાબહેન દ્વારા પોતાનાવિસ્તારમાંઆકાર્યક્રમની જાણથાય તેવુંઆયોજનક રવામાં આવેછે. દરેકગામમાંપ્રચાર-પ્રસારઅનેફેમિલીપ્લાનીંગની નોનવોલોગો-સ્લોગન દરેકસંસ્થાખાતે પ્રદર્શિતકરવામાં આવ્યોછે.

દરેક ગામમાંભીંત સુત્રોઅનેવોલ પેઇન્ટીંગ કરવામાં આવ્યું છે. જયારે જનસંખ્યા સ્થિરતા પખવાડીયું-તા-૧૧જુલાઈથી ૨૪જુલાઇ દરમ્યાન કરવામાં આવશે.

# વંદે ગુજરાત વિકાસ યાત્રા રથનું ઘણપ ગામમાં વરસાદી માહોલમાં પણ ગ્રામજનોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું

ગાંધીનગરઃ શુક્રવારઃ

વંદે ગુજરાત વિકાસ યાત્રાનો આજે ચોથો દિવસ છે. ગાંધીનગર તાલુકાના ઘણપ ગામ ખાતે વિકાસ રથના વધામણા ગ્રામજનો દ્વારા વરસાદી માહોલમાં પણ ઉત્સાહભેર કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા થકી ગુજરાતના ૨૦ વર્ષના વિકાસ કામોની ઝાંખી કરાવવામાં આવે છે. તેમજ સરકારની વિવિધ યોજનાકીય માહિતી પણ ટુંકી ફિલ્મ અને અધિકારીઓ દ્વારા આપવામાં આવી રહી છે. આજે ગાંધીનગર તાલુકાના ઘણપ ગામ ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથે સવારના ૮.૩૦ કલાકે ગામમાં પ્રવેશ કર્યો હતો. આ અગાઉ ગામમાં સવારના ૭.૦૦ કલાકેથી યોગ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઘણપ ગામમાં રથનો પ્રવેશ થતાંની સાથે વરસાદનો આરંભ થઇ ગયો છે. તેમ છતાં ઉત્સવ જેવા માહોલમાં ગામના સરપંચ શ્રીમતી જીતિકક્ષાબા સુરેન્દ્રસિંહ રાણા, ગામની દીકરીઓ અને ગ્રામજનો દ્વારા કુંકુ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આ રથ સાથે આવેલા વિવિધ કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા સરકારની વિવિઘ યોજનાકીય માહિતી સરળ ભાષામાં ગ્રામજનોને આપી હતી.

આ પ્રસંગે ગામના સરપંચ શ્રીમતી જીતિકક્ષાબા સુરેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી સરપંચ શ્રી અજીતસિંહ ગોપાલસિંહ રાણાસહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા ના રણાસણ ખાતે આવનાર વસ્તી દિવસ અંતર્ગત આરોગ્ય ગુરુ શિબિર યોજાઈ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આરોગ્ય વિભાગ દ્વારા ગુરુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આરોગ્ય ને લગતી વિવિધ બાબતોમાંમાહિતી ગાર થયા હતા.

આવનાર ૧૧ જુલાઈ વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત કુટુંબ કલ્યાણ અને પરિવાર નિયોજન માટે આરોગ્ય વિભાગ દ્વારા ગુરુ શિબિરનું આયોજન પાટણ જિલ્લાના રણાસણ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ અત્રે યોજાયેલ પ્રોગ્રામમાં બીજા આરોગ્ય લક્ષી માહિતી પણ આપવામાં આવી તેમાં ચવેલી સબ સેન્ટરના આરોગ્ય કર્મચારી અતુલભાઇ પરમાર, વર્ષાબેન તેમજ આશા વર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે પલાસરથી સુપરવાઇઝર કેડરમાં પ્રવીણભાઈ પટેલ અને રમીલાબેન પ્રજાપતિએ તમામ ગ્રામજનો ની માહિતી ગાર કર્યા હતા.

અત્રે યોજાયેલ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આરોગ્ય લક્ષી સેવાઓને માહિતી મેળવી હતી



# અરવલ્લી જિલ્લામાં થશે રાજ્ય કક્ષાના સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી

### ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ અરવલ્લી જિલ્લામાં યોજાશે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર પર્વ

અરવલ્લી,

અરવલ્લીની ગિરિમાળામાં વસેલા જિલ્લા અરવલ્લીમાં ગુજરાત ઉજવશે સ્વતંત્ર પર્વ. સાબરકાંઠા જિલ્લામાંથી ૧૫મી ઓગષ્ટ ૨૦૧૩ ના રોજ અલગ બન્યા બાદ અરવલ્લી જિલ્લો વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે. સતત વિકાસ કરતું રાજ્ય ગુજરાત આ વર્ષે ખુબજ ઉત્સાહ પૂર્વક આઝાદીનો જશ્ન મનાવશે.



આઝાદી પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત સહિત રાજયકક્ષાના ઉચ્ચ અધિકારીઓ કાર્યક્રમમાં હાજરી આપશે. રાજ્યમાં ઉત્તમ કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આ પ્રસંગને યાદગાર બનાવશે. શૌર્ય ગીત અને ત્રિરંગી રોશનીથી અરવલ્લી ઝળહળી ઉઠશે.જિલ્લા કક્ષાએ તમામ વ્યવસ્થા જાળવવા કલેકટર શ્રી ડો.નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં બેઠક મળી. બેઠકમાં કાર્યક્રમની તમામ રૂપરેખા અંગે ચર્ચા કરાઇ. તમામ અધિકારીઓને યોગ્ય કામગીરી હાથ ધરવા સૂચન આપવામાં આવ્યા. આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શ્વેતા તિવેટીયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અધિક નિવાસી કલેકટર શ્રી એન.ડી.પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાલનપુરની યુવતીના નામથી ફેક આઈડી બનાવનાર સામે ફરીયાદ

**પરણિત યુવતી ના નામ થી ફેક આઇ.ડી બનાવી તેની સહેલીઓ ને હેરાન કરતા ભાંડો ફુટ્યો**

બનાસકાંઠા સમાચાર

પાલનપુરની એક યુવતીનું ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી તેની સહેલીઓ સાથે ચેટ કરનાર શખ્સ સામે યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે. પાલનપુરની યુવતી મુંબઈ પરણાવેલી છે. જે યુવતી પોતાના પિયર પાલનપુર આવી હતી. જયાં તેને તેની સહેલીઓ મળી હતી જેઓએ તેણીને કહ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામ ઉપર તું કેમ આવી વાહિયાત ચેટ કરે છે. આથી યુવતીએ તપાસ કરાવતા પોતાના નામનું ફેક આઈડી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે તેણીએ તેના પિતાને વાત કરતા તેમણે તપાસ કરાવી હતી.

જેમાં પાલનપુર નગરચીવાસમાં રહેતો મહંમદવસીમ મહંમદહનીફ પઠાણ ફેક આઈડી બનાવી તેની સહેલીઓની સાથે ચેટ કરી હેરાન કરતો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે તેમણે બનાસકાંઠા સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહમદ વસીમ પઠાણની સામે ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીર સોમનાથના ખેરા ગામ નજીક બેઠો પુલ ભારે વરસાદના કારણે તૂટી પડ્યો

ગીરસોમનાથ,તા.૮

ગુજરાતમાં વરસાદની વાત કરીએ તો સૌથી વધુ વરસાદ ગીર સોમનાથમાં ખાબકી ચૂકયો છે. છેલ્લા ૪૮ કલાકમાં સુત્રાપાડામાં ૧૮ ઈંચ જેટલો વરસાદ ખાબકી ચૂક્યો છે. સર્વત્ર મેઘમહેર થતા ગીર સોમનાથના અનેક તાલુકાઓ પાણીમાં ગરકાવ થયા છે. આવામાં સૂત્રાપાડા તાલુકાના ખેરા ગામ નજીક આવેલો બેઠો પૂલ ભારે વરસાદથી તૂટી પડ્યો છે. આ ઘટના કેમેરામાં કેદ થઈ છે. જોકે, તેમાં કોઈ જાનહાનિ થઈ નથી.

ગીર સોમનાથ જિલ્લામાં અતિભારે વરસાદથી વિનાશ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સૂત્રાપાડાના ખેરા ગામ નજીક ભારે વરસાદના પાણીના વહેણથી અચાનક પુલ તૂટ્યો હતો. સ્થાનિક લોકોએ પોતાના નજરે આ ઘટના નિહાળી હતી. તેમજ પુલ તૂટવાની સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી. બેઠો પુલ ભારે વરસાદને લીધે તૂટી પડ્યો હતો. તૂટી પડેલો પુલ પાણીના ધસમસતા પ્રવાહમાં વહી ગયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નથી થઈ નથી.



રૈયા નાકા ટાવર બજાર , રાજકોટ

**આજે રાજકોટ તેના અસ્તિત્વના ૪૧૨મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. રાજકોટ ની જૂની તસવીર.**

**હેપ્પી બર્થ ડે રાજકોટ**

# ઇસ્લામપુર ખાતે પાટીદાર સમાજ દ્વારા નવનિર્મિત શ્રીખોડીયાર માતાજીના મંદીરની શિલાન્યાસ વિધિ પર્વ ઉજવાયો

### પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ઈસ્લામપુરા ગામે સમસ્ત ઇસ્લામપુર પાટીદાર પરિવાર દ્વારા નવનિર્માણ પામનાર

પાટણ બ્યુરો

શ્રીખોડિયાર માતાજી ના મંદિરનો શિલાન્યાસ વિધિ પ્રસંગે ભક્તિમય માહોલમાં ઉજવવામાં આવ્યો હતો.આ શિલાન્યાસ પ્રસંગે પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, ધોરાજીના ધારાસભ્ય લલિતભાઈ વસોયા અને મોરબી ટંકારાના ધારાસભ્ય લલિતભાઇ કગથરા સહિત સમાજના આગેવાનો, યુવા કાર્યકર્તાઓ સહિત સમસ્ત ઇસ્લામપુર ગામના પાટીદાર સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



સમસ્ત ઈસ્લામપુર ગામના પાટીદાર સમાજ દ્વારા આયોજીત નવનિર્માણ પામનાર શ્રી ખોડિયાર માતાજીના મંદિર નિર્માણનો શિલાન્યાસ વિધિ પ્રસંગે પાટણના ધારાસભ્ય ડો. કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજનું કોઈ પણ કાર્યને સફળ બનાવવા સમાજની એકતા જરૂરી છે.સમાજના કાર્યને સફળ બનાવવા સમાજ સંગઠનની ભાવના ભળે તો તે કાર્ય હંમેશા સફળ બનતું હોય છે.જે આજે ઈસ્લામપુર ગામના પાટીદાર પરિવારમાં એક્તા જોવા મળી રહી છે.ત્યારે કુળદેવી શ્રી ખોડીયાર માતાજીના મંદિર નિર્માણનું કાર્ય ઝડપી બને તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.અને વધુ જણાવ્યું હતું કે મારી જયાં પણ જરૂર પડે ત્યાં સહભાગી બનવાની તેઓએ ખાત્રી આપી હતી.અને પાટીદાર પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે સૌરાષ્ટ્રના ધોરાજી વિધાનસભાના ધારાસભ્ય લલીતભાઈ વસોયા અને મોરબી ટંકારા વિધાનસભાના ધારાસભ્ય લલિતભાઈ કગથરાએ પણ પ્રસંગને અનુરૂપ પ્રવચન કર્યું હતું. અને ઈસ્લામપુર ગામના પાટીદાર પરિવારોની ભાવનાને સરાહનીય ગણાવી હતી.

# ડાંગના ચનખલ તથા બોરખલ ગામે પહોંચી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'

આહવાઃ તાઃ ૮ : ડાંગના ડુંગરાઓ ખૂંદી રહેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' જિલ્લાના અંતરિયાળ વિસ્તારોને ઘમરોળી પ્રજાકિય ચેતના જગાવી રહી છે.તા. ૫ મી જુલાઈએ આહવાથી નીકળેલી ડાંગ જિલ્લાની આ વિકાસ યાત્રા બીજા દિવસે સાંજે ચનખલ મુકામે પહોંચી હતી. જ્યા જિલ્લાના નોડલ ઓફિસર શ્રી યોગેશ જોશી સાથે તાલુકા સદસ્ય શ્રી કમલેશભાઈ વાઘમારે અને સરપંચ શ્રીમતી વિનુબેન પવાર યાત્રાના સહભાગી બન્યા હતા. ગ્રામજનોને વિવિધ યોજનાકિય લાભોથી લાભાન્વિત કરીને આ યાત્રા, ત્રીજા દિવસે સવારે બોરખલ મુકામે પહોંચી હતી.બોરખલ ગામે પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરી, શ્રી રમેશભાઈ ચૌધરી સહિત તાલુકા ચાયતના ઉપપ્રમુખ શ્રી દેવરામભાઇ, તથા સ્થાનિક જનપ્રતિનિધિઓ આ યાત્રાના યાત્રાળુ બન્યા હતા. જેમના હસ્તે ખેતીવાડી વિભાગ ની વિવિધ યોજનાઓના લાભોના વિતરણ સહિત પ્રધાનમંત્રી આવાસ યોજનાની ચાવી હાઈસ્કૂલના નવા શેડનુ લોકાર્પણ, ફળાઉ વૃક્ષોનુ વાવેતર, બીજ જોડાણના મંજુરી પત્રો, ર ત્નછ૭રૂ કાર્ડનુ વિતરણ જેવા જનકલ્યાણકારી કાર્યો હાથ ધરાયા હતા.આ અવસરે રથ સાથે સંબંધિત વિભાગની અમલીકરણ અધિકારીઓ, અને રથના તાલુકા/જિલ્લાના લાયઝન ઓફિસરો તથા ગ્રામીણ કર્મચારીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

# માણાવદરની જે.એમ.પાનેરા શૈક્ષણિક સંકુલમાં ત્રિવિધ કાર્યક્રમમાં સી.આર. પાટીલની ભવ્ય રીતે પુસ્તક તુલા કરાઇ

(સૌરાષ્ટ્ર બ્યુરો)

શ્રી જે.એમ. પાનેરા આર્ટસ, કોમર્સ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ માણાવદર દ્વારા સંસ્થાના ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ તથા સ્થાપના દિન નિમિતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆરપાટીલના અધ્યક્ષ સ્થાને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન, વાલમિલન તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓના સન્માનનો ત્રિવિધ કાર્યક્રમ શાનદાર રીતે ઉજવાયો હતો.આ ખાસ પ્રસંગે પ.પૂ. મહંત મુકતાનંદ બાપુ, દ્વારા સમારંભનું ઉદઘાટન દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું જેમાં સ્ટેજ પર ઉપસ્થિત દરેક મહાનુભાવોઓએ ભાગ લીધો હતો. આ સમારોહમાં તમામ હોદેદારો તથા મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમ નિમિતે કોલેજના પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર



આપીને બીરદાવ્યા હતા.

સંસ્થાના આદ્યસ્થાપક જેઠાભાઇ પાનેરાએ સંસ્થાના ૩૨માં મંગલ પ્રવેશ નિમિતે હરખની હેલી વરસાવતા મહેમાનું સ્વાગત કર્યુ હતું. સંસ્થામાથી આશરે ૩૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણી ચુકયા છે. અને નાની મોટી નોકરીનાઓ પણ કરે છે. અને આ સિલસિલો હજુએ આગળ વધી જ રહયો છે. રાજયમંત્રી દેવાભાઇ માલમએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આવી શૈક્ષણીક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી જ્ઞાન મળી રહે તે જરૂરી છે.અખિલ ભારતીય સાધુ સમાજના અધ્યક્ષ પ.પૂ. મકુતાનંદ બાપુએ જણાવ્યું કે શિક્ષણરૂપી વટવૃક્ષ માણાવદર પંથકમાં જે રીતે વિકાસ પામ્યું છે. આજથી ૧૫ વર્ષ પહેલા હું આ સંસ્થામાં આવયો હતો. ત્યારે કહયું હતું કે, આ સંસ્થાનું જતન કરશો તો ભવિષ્યમાં એક વિશાળ વટવૃક્ષ સમાન સરસ્વતીનું ધામ બનશે. જે આજે મને સાર્થક થયેલું જણાય છે.જેનો શ્રેય પ્રમુખ જેઠાભાઇ પાનેરાને આભારી છે.જેઠાભાઇ પાનેરા તથા સંસ્થાન યુવા મેનેજીંગ ટ્રસ્ટી ધર્મેશભાઇ પાનેરાએ સીઆરપાટીલનું શાલ, પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું. જેઠાભાઇ પાનેરાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પંચપ્રકલ્પ અંતર્ગત ૭૫માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે દરેક શૈક્ષણિક સંસ્થા પોતાના સ્થાપનાદિન ઉજવણી કરે તે વાતને સ્વીકારીને સંકલ્પ કર્યો હતો. કે હું શૈક્ષણિક સંસ્થાનો સ્થાપના દિન ઉજવીશ જેઓ આ જે ખરા અર્થમાં સાર્થક બન્યો છે. સીઆર પાટીલે જણાવ્યું હતું કે વરસાદને વિઘ્ન ન ગણતા ખુશીનો અવસર છે.

પશુઓ, ખેતી, સિંચાઇ અને પીવા લાયક પાણીની જરૂરીયાતોપુરી કરે છે. તેથી વરસાદ આપણું શુકન ગણાય. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શૈક્ષણિક સંસ્થાઓના સ્થાપના દિન ઉજવણીના આહવાનને જેઠાભાઇ પાનેરાએ હુબહુ સ્વીકારીને આ કાર્યક્રમના આયોજન દ્વારા સાર્થક કર્યુ છે. દિકરા કરતા દીકરીઓ શિક્ષણમાં વધુ આગળ છે તેથી હવે દિકરાઓને પણ આ ક્ષેત્રે આગળ આવવાની જરૂર છે. તેઓ શિક્ષકનું શું મહત્વ હોય તે સમજાવતા ડો. અબ્દુલ કલામજીના જીવન વિશેનું દ્રષ્ટાંત આપતા કહયું હતું કે, વિદ્યાર્થી પોતાના જીવનમાં નાસીપાસ ન થવું જોઇએ.

સીઆરપાટીલની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી પુસ્તકો દ્વારા જ્ઞાનતુલા કરવામાં આવી હતી. આ ત્રિવિધ કાર્યક્રમમાં પોરબંદર, ગીર સોમનાથ, માણાવદર, વંથલી, મેંદરડા તાલુકાના વિવિધ આગેવાનો, સંગઠનના હોદેદારો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાના પ્રિન્સિપાલ, વિશાળ સંખ્યામાં વાલીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા.

રિપોર્ટર - જીગ્નેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.